EDII

Divyabhaskar (Citybhaskar)

June 07, 2019
Page No. 1

### એઆઈસીટીઈનાં ચેરમેન અનિલ સહસ્રબુદ્ધેએ કહ્યું

# સ્ટાર્ટઅપનું ગુજરાત મોડલ દેશભરમાં લાગુ કરવું જોઈએ

## EDIIમાં SSIP વાર્ષિક કોન્ફરન્સ, 11 સ્ટાર્ટઅપને એવોર્ડ

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com



સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) સેલ અંતર્ગત ગુજરાત સરકાર અને ગુજરાત નોલેજ સોસાયટી (GKS)એ 'સ્ટુડન્ટ ઈનોવેશન, સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈકોસિસ્ટમ' પર SSIPની 'વાર્ષિક કોન્ફરન્સ EDII કેમ્પસ ખાતે યોજાઈ હતી. જેમાં સ્ટાર્ટ-અપ્સનાં 11 વિદ્યાર્થીઓ અને 5 યંગ ઈનોવેટર્સ, 3 સંસ્થાઓ, 3 યુનિવર્સિટીઓ અને 10 માર્ગદર્શકોને SSIP દ્વારા એવોર્ડ અપાયા હતા. આ સાથે મોબાઈલ આધારિત એટેન્ડન્સ સિસ્ટમ અને આઈ-હબ ફિલ્મ તેમજ આઈ-હબ બ્રોશર લોંચ કરવામાં આવ્યા હતા.

કોન્ફરન્સમાં દેશભરમાંથી 155 સ્ટાર્ટ-અપ્સ સાથે આંત્રપ્રિન્યોર્સે ભાગ લીધો હતો. કોન્ફરન્સ દરમિયાન સ્ટાર્ટઅપનું એક્ઝિબિશન પણ યોજવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના SSIP પ્રોગ્રામ અંતગર્ત દરવર્ષે આ પ્રકારે કોન્ફરન્સ યોજીને સ્ટાર્ટઅપ અને આંત્રપ્રિન્યોર્સને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કોન્ફરન્સ શિક્ષણ સંસ્થા, ઈન્ડસ્ટ્રીઝ અને સરકારી અધિકારીઓની હાજરીમાં યોજાઈ હતી.

### સ્ટાર્ટ-અપ કરોડો રોજગારી સર્જી શકે છે

**અનિલ સહસ્રબુદ્ધે, એઆઈસીટીઈનાં ચેરમેન**

સ્માર્ટ ઈન્ડિયા હેકેથોનની નવીનતા લાવ્યા પછી અમને રચનાત્મક અને નવીનતા ધરાવતાં વિચારો સાથે યુવાન ઉદ્યોગસાહસિકો માટે ઘણો સપોર્ટ મળ્યો છે. 5 કરોડથી વધારે રોજગારીનું સર્જન ફક્ત સ્ટાર્ટ-અપ મારફતે જ થઈ શકશે અને ગુજરાત મોડલ દેશભરમાં અજમાવવું જોઈએ.

### યુવા પેઢી દ્વારા રોજગારીનું સર્જન શક્ય

**અંજૂ શર્મા, અગ્ર સચિવ, ગુ.શિક્ષણ વિભાગ**

ઈનોવેટિવ થિંકિંગ ધરાવતા વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા નાણાંકીય અને બિન-નાણાંકીય પુરસ્કારો/પ્રમાણપત્રો પણ આપીશું. ગુજરાત સરકાર ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા એ પ્રકારના પરિવર્તન લાવી રહી છે, જેથી યુવા પેઢી દ્વારા રોજગારીનું સર્જન કરવામાં મદદ મળશે.

### આપણાં યુવાનો રોજગારદાતા છે

**ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણમંત્રી**

આપણાં યુવાનો રોજગારવાંચ્છુઓ નથી, પણ રોજગારદાતા છે. ગુજરાતમાં શિક્ષણ વિભાગે સ્ટુડન્ટ ઇનોવેશન અને સ્ટાર્ટઅપ્સ માટે સંપૂર્ણ ઇકોસિસ્ટમનું સર્જન કરવા અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે. કોઈ પણ સમસ્યાનું સમાધાન સ્ટાર્ટઅપથી લાવી શકાય છે.

### ગ્રામિણ વિસ્તારોમાં સ્ટાર્ટઅપની જરૂર

**ક્રિસ ગોપાલક્રિષ્નન, કો-ફાઉન્ડર ઈન્ફોસિસ**

ભારતીય અર્થતંત્રમાં 70 ટકા સ્ટાર્ટ-અપ્સને લઘુ અને મધ્યમ કક્ષાનાં ઉદ્યોગસાહસો ગણવામાં આવે છે, જે સરેરાશ 20 કર્મચારીઓને રોજગારી આપે છે. આપણે દેશનાં ગ્રામીણ વિસ્તારોમાં મહત્ત્વપૂર્ણ સ્ટાર્ટ-અપ્સ ઊભા કરવાની પણ જરૂર છે.